# ફ્લાવર્સથી ઘર બને રંગીન, મહેકતું અને જીવંત

તાજગી અને ખુશ્બૂનો ખજાનો ફૂલ બધાંનું મન મોહી લે છે. પાર્ટી, ફંકશનમાં ફૂલોથી ઘર સજાવવાનો આનંદ અનેરો જ હોય છે. ક્રિસમસ અને ન્યૂ યર બારણે ટકોરા મારી રહ્યાં છે ત્યારે તમે પણ ઘરે પાર્ટીનું આયોજન કરશો તો ઘરને નવી રીતે ડેકોરેટ કરવાની ઇચ્છા હોય તો આવો જોઇએ ફ્લાવર્સથી ઘરને સજાવીને મહેકતું કરવાના આઇડિયાઝ....



## હેન્ગિંગ પોટ્સ



**તમને જોઇશે**

કોલેંડર (સ્ટ્રેનર) અથવા હેન્ગિંગ પોટ, ચેન, મનપસંદ ફૂલ

**કઇ રીતે અરેન્જ કરશો?**

કોલેંડરની ડાબી- જમણી બાજુ કાણાં પાડી ચેન લગાડી એને બાલ્કની, પોર્ચ કે ઘરની બહાર લટકાવી મનપસંદ ફૂલ કે છોડ રાખો.



## ખુશનુમા અહેસાસ

**તમને જોઇશે**

સિરેમિક ટી પોટ, ફ્રેશ ફૂલ

**કઇ રીતે અરેન્જ કરશો?**

ટી પોટ બરાબર સાફ કરી એમાં ફ્રેશ ફ્લાવર્સ અરેન્જ કરી કોઇ સ્ટુલ કે ટેબલ પર સજાવી દો. ઘર ખુશનુમા અહેસાસથી ભરાઈ જશે.

## ફૂલોની છટા

**તમને જોઇશે**

ગ્લાસ વાઝ, મનપસંદ ફ્લાવર્સ, વાશી ટેપ

**કઇ રીતે અરેન્જ કરશો?**

વાઝમાં નીચે વાશી ટેપ લગાડી ગ્લાસમાં પાણી ભરી ફૂલ અરેન્જ કરો. એને ડાઈનિંગ કે સેન્ટર ટેબલ પર રાખો.



## તાજગીનો અહેસાસ

**તમને જોઇશે**

લીંબુની સ્લાઈસ, બે એકસરખા પરંતુ અલગ અલગ સાઈઝના ગ્લાસ, તાજાં ફૂલ, ચપ્પુ, પાણી

**કઇ રીતે અરેન્જ કરશો?**

મોટા ગ્લાસની અંદર નાનો ગ્લાસ રાખો. બંને ગ્લાસની વચ્ચે લીંબુની સ્લાઈસ ખૂબસૂરતીથી ગોઠવી દો. નાના ગ્લાસમાં પાણી ભરી ફૂલ અરેન્જ કરો. તમે કાચના વાઝ કે જારમાં આખા લીંબુ ગોઠવી પણ ફ્લાવર રાખી શકો.

## દરેક ખૂણામાં તાજગી

**તમને જોઇશે**

ગ્લાસ જાર, સૂતળી, ગ્લુ ગન, ફૂલ

**કઇ રીતે અરેન્જ કરશો?**

જાર પર નીચેથી ઉપર સુધી ગ્લુ ગનથી સૂતળી ચોંટાડો. ઢાંકણામાં કાણાં પાડો. જારમાં પાણી ભરી ઢાંકણું ઢાંકી દો. કાણાંમાં મનપસંદ ફૂલ ડાળી સાથે મૂકી મનપસંદ ખૂણામાં મૂકી દો.

## સાદગીની સુંદરતા

**તમને જોઇશે**

ગ્લાસ વાઝ કે ગ્લાસ બોટલ, સફેદ ફૂલ, સફેદ ઊન, પાણી.

**કઇ રીતે અરેન્જ કરશો?**

વાઝ કે બોટલની વચ્ચે ઊન વીંટાળો. પાણી ભરી મનપસંદ અંદાજમાં સફેદ ફૂલો અરેન્જ કરો. એને કોર્નર સ્ટૂલ પર રાખો.

## પ્રાકૃતિક શૃંગાર

**તમને જોઇશે**

બે-ત્રણ ટીન કેન, વ્હાઈટ પેન્ટ, મનપસંદ ફૂલ

**કઇ રીતે અરેન્જ કરશો?**

દરેક ટીન કેનને બરાબર સાફ કરી સફેદ કલરથી પેન્ટ કરી સુકાવા દો. સુકાઈ જાય એટલે ફૂલ અરેન્જ કરી બાલ્કની, ટેરેસ કે ઓટલા પર મૂકો.

## રંગોનું આકર્ષણ

**તમને જોઇશે**

ગ્લાસ વાઝ કે બોટલ, અલગ અલગ કલર્સના વોટર બીડ્સ, સ્ટાઈલિશ ટ્રે, ફૂલ

**કઇ રીતે અરેન્જ કરશો?**

વાઝ કે બોટલમાં થોડું પાણી અને અલગ અલગ રંગના વોટર બીડ્સ ભરી ફૂલ સજાવી દો.

વૈવિધ્ય

## ખૂબસૂરત બુકે

**તમને જોઇશે**

મસૂન જાર, કેળનાં પાન, પાણી, મનપસંદ ફૂલ, જૂટનો દોરો.

**કઇ રીતે અરેન્જ કરશો?**

જારની લંબાઈ અને પહોળાઈ કરતાં થોડું નાનું કેળનું પાન કાપી લો. એને રોલ કરી જારની અંદર ફિક્સ કરો અને થોડું પાણી ભરી ફૂલ સજાવી દો. તમે ઇચ્છો તો જારની વચ્ચે જ્યુટનો દોરો બાંધી શકો.



## પીળી આભા

**તમને જોઇશે**

ત્રણ અળલગ અલગ સાઈઝના ગ્લાસ વાઝ કે બોટલ, ગલગોટાનાં ફૂલ, પાણી

**કઇ રીતે અરેન્જ કરશો?**

ત્રણે વાઝમાં પાણી ભરી મનપસંદ સ્ટાઈલમાં ગલગોટા અરેન્જ કરી સાઈડ સ્ટુલ કે બારી પાસે રાખો.

